આણંદ-કરમસદ મહાનગરપાલિકાનો મોટો નિર્ણય | બલ્ક વેસ્ટ જનરેટર્સ માટે કડક નિયમો લાગુ

# કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં ભીના કચરાનું ઓન-સાઈટ પ્રોસેસિંગ ફરજિયાત

**સોલિડ વેસ્ટ** મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અને સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન




(પ્રતિનિધિ) આણંદ તા.૯

ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરાયેલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટના કડક વલણને પગલે કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના તમામ ઝોન અને વોર્ડમાં હવે 'બલ્ક વેસ્ટ જનરેટર' (BWGs) માટેના નિયમોનું કડક અમલીકરણ શરૂ કરી દેવામાં આવ્યું છે, જે અંતર્ગત મોટા એકમોએ હવે પોતાના કચરાનો નિકાલ પોતે જ કરવો પડશે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં નવા નિયમો મુજબ, જે એકમો ૨૦ હજાર ચોરસ મીટરથી વધુ બાંધકામ ધરાવતા હોય, દૈનિક ૪૦ હજાર લીટરથી વધુ પાણી વાપરતા હોય અથવા રોજનો સો કિલોગ્રામથી વધુ ઘન કચરો ઉત્પન્ન કરતા હોય, તેમને 'બલ્ક વેસ્ટ જનરેટર' તરીકે ગણવામાં આવશે. આ શ્રેણીમાં હોટલ-રેસ્ટોરન્ટ, ધાર્મિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, મોટા એપાર્ટમેન્ટ્સ, મોલ્સ અને સરકારી કચેરીઓનો સમાવેશ થાય છે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના આદેશ મુજબ, આ એકમોએ પોતાની પ્રીમાઈસીસમાં જ ભીના કચરાનું 'ઓન-સાઈટ પ્રોસેસીંગ' કરવાનું રહેશે. સૂકા કચરાનું યોગ્ય વર્ગીકરણ કરીને તેને માત્ર અધિકૃત રિસાયકલર્સને જ આપવાનું રહેશે. જો આ કામગીરીમાં કોઈ પણ પ્રકારની બેદરકારી જણાશે, તો તેને સુપ્રીમ કોર્ટના આદેશોની અવમાનના ગણીને પર્યાવરણીય કાયદા હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### ઓનલાઇન રજીસ્ટ્રેશન ફરજિયાત

તમામ નિર્ધારિત એકમો માટે CPCB ની સત્તાવાર લિંક https://swm.cpcb.gov.in પર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય રહેશે. વધુ માહિતી માટે નાગરિકો https://sbmurban.org લિંકનો સહારો લઈ શકે છે.

### કયા કયા એકમોએ સાવધાન રહેવું પડશે ?

**રહેણાંક:** મોટા એપાર્ટમેન્ટ્સ, ફ્લેટ અને સોસાયટીઓ.
**વાણિજ્યિક:** હોટલ, રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ્સ.
**સંસ્થાઓ:** યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ.
**સરકારી:** સરકારી અને અર્ધસરકારી કચેરીઓ.

## ભક્તિ સાથે શ્રમદાન : ગોમતી તળાવમાં સફાઇ અને દિવ્ય મહા આરતી



યાત્રાધામ ડાકોરના ગોમતી તળાવની પવિત્રતા જાળવવા 'ગંગા સમગ્ર અભિયાન' હેઠળ સોમવારે સઘન સફાઇ ઝુંબેશ અને મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં મોરાર ભુવનઘાટ અને આંબાવાડી સહિતના વિસ્તારોમાંથી શ્રમદાન દ્વારા મોટા પ્રમાણમાં કચરો દૂર કરી જળ પ્રદૂષણ અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં રાષ્ટ્રીય અને પ્રદેશ કક્ષાના પદાધિકારીઓ રાજેશજી, અરુણ રાજપૂત, પ્રકાશ યાદવ અને નીતીન ખંભોળજાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સફાઇ કાર્ય બાદ યોજાયેલી ગોમતી માતાની દિવ્ય મહા આરતીના ગુંજારવથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને સૌએ તીર્થને નિર્મળ રાખવાનો સંકલ્પ લીધો હતો. ખેડા જિલ્લા અધ્યક્ષે આ તળાવની સ્વચ્છતાને સૌની નૈતિક જવાબદારી ગણાવી પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા માટે ભક્તોને નમ્ર અપીલ કરી હતી. આ પ્રશંસનીય અભિયાનની ડાકોરના નગરજનોએ સરાહના કરી હતી.

# કપડવંજના વિસ્ફોટકાંડમાં ફેક્ટરી માલિકની ધરપકડ

**ફેક્ટરીમાં** થયેલા બ્લાસ્ટમાં શ્રમિકનું મોત નીપજ્યું હતું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

કપડવંજ ખાતે ગત ૨૭મી જૂનના રોજ મંજૂરી વિના ધમધમતી એક ફેક્ટરીમાં થયેલા પ્રચંડ વિસ્ફોટના કેસમાં ખેડા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ મોટી સફળતા મેળવી છે. બનાવના ૧૧ દિવસ બાદ પોલીસે સઘન તપાસ અને બાતમીના આધારે મુખ્ય આરોપી અને ફેક્ટરી માલિક મિતુલ પટેલને ઝડપી પાડ્યો છે. આ દુર્ઘટનામાં એકનું કરુણ મોત નીપજ્યું હતું.

કપડવંજમાં ગત ૨૭ જૂને ગેરકાયદેસર ફેક્ટરીમાં અચાનક વિસ્ફોટ થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ વિસ્ફોટ એટલો ભયાનક હતો કે ત્યાં કામ કરતા બે શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમાંથી એક શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજતા આ મામલો વધુ ગંભીર બન્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે આ ફેક્ટરી કોઈપણ સરકારી મંજૂરી કે સુરક્ષાના સાધનો વિના તદ્દન ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી હતી. આ ઘટના બાદ નાસતા ફરતા આરોપી મિતુલ પટેલને એસઓજીએ બાતમીદારોના નેટવર્ક દ્વારા દબોચી લીધો છે. પકડાયેલા આરોપીને હવે નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરી પોલીસ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. રિમાન્ડ દરમિયાન ફેક્ટરીમાં કયા પ્રકારના કેમિકલનો ઉપયોગ થતો હતો ? વિસ્ફોટનું ચોક્કસ કારણ શું હતું ? સહિતના મામલે પૂછપરછ કરાશે.

યાત્રાધામ ડાકોરના બસ સ્ટેશન પાસેના મસમોટા ખાડાઓને કારણે અકસ્માતનો ભય

# ડાકોરના પ્રવેશ દ્વાર પર જ 'ખાડા રાજ'

**શ્રદ્ધાળુઓ** અને સ્થાનિકોમાં ભારે રોષ, તંત્ર મુકપ્રેક્ષક

(પ્રતિનિધિ) ડાકોર તા.૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં વિકાસના દાવાઓ વચ્ચે વરવી વાસ્તવિકતા સામે આવી છે. ડાકોરના મુખ્ય પ્રવેશ દ્વાર પર જ, જ્યાં એક તરફ બસ સ્ટેશન અને બીજી તરફ ગામનો મુખ્ય રસ્તો આવેલો છે, ત્યાં છેલ્લા ઘણા સમયથી મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય જામ્યું છે. આ મુખ્ય માર્ગ પરથી પસાર થવું હવે જોખમી બની ગયું છે, કારણ કે ખાડાઓને લીધે અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે.



યાત્રાધામ ડાકોરમાં ભગવાન રણછોડરાયના દર્શને આવતા હજારો શ્રદ્ધાળુઓ જ્યારે બસ ડેપોથી ઉતરીને ચાલીને કે રિક્ષામાં મંદિર તરફ જાય છે, ત્યારે પ્રવેશ દ્વાર પરની આ બદતર હાલત જોઈને તંત્ર સામે ફિટકાર વરસી રહ્યા છે. યાત્રાળુઓ અહીંથી કાદવ-કીચડ અને ગંદકીના અનુભવ સાથે ડાકોરની ખૂબ જ ખરાબ છબી મનમાં લઈને પરત ફરે છે, જે મંદિરની ગરિમાને કલંકિત કરી રહી હોવાનું લોકો જણાવી રહ્યા છે.

આ અંગે સ્થાનિકોનો આક્ષેપ છે કે ડાકોરના ચૂંટાયેલા સભ્યો, પ્રમુખ અને ચીફ ઓફિસર આ ગંભીર પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં મુકપ્રેક્ષક બનીને બેઠા છે. વિકાસથી વંચિત ડાકોરમાં નગરપાલિકા દ્વારા સરકારી નાણાંનો દુરુપયોગ થતો હોવાની પણ ચર્ચાઓ ઉઠી છે. ગ્રામજનોનું કહેવું છે કે તંત્ર નવા ટેન્ડરોમાં વધુ રસ ધરાવે છે, પરંતુ હાલની પાયાની સમસ્યાઓ ઉકેલવામાં તેમને કોઈ રસ નથી.

ડાકોરના નાગરિકોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા નગરપાલિકાની કામગીરીની તપાસ કરવામાં આવે અને સામાન્ય માણસને પડતી તકલીફોનો ન્યાય મળે. જો નગરપાલિકા પ્રમુખ અને અધિકારીઓ થોડું ધ્યાન આપે તો યાત્રાધામની ગરિમા જળવાઈ રહે અને લોકોને હાલાકીમાંથી મુક્તિ મળે.

### મોટી હોનારતની ભીતિ

ડાકોરના મુખ્ય પ્રવેશ દ્વાર પરના આ ખાડાઓ જો વહેલી તકે પૂરવામાં નહીં આવે, તો ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. રાહદારીઓ પર ઉડતા ગંદા પાણી અને સતત થતા નાના-મોટા અકસ્માતોને રોકવા માટે યોગ્ય તપાસ અને તાકીદની કામગીરીની માંગ ઉઠી છે.

# આખડોલ:નમકીનની આડમાં ચાલતું દારૂનું નેટવર્ક પકડાયું

**ઈકો કાર** અને ઘરમાંથી ૭૨ હજારનો દારૂ મળી કુલ ૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

નડિયાદ ગ્રામ્ય પોલીસની હદમાં બેફામ બનેલા બુટલેગરો દ્વારા નમકીનના પડીકાની આડમાં વિદેશી દારૂની હેરાફેરીના નેટવર્કનો ખેડા એલસીબીએ પર્દાફાશ કર્યો છે. આખડોલ ગામમાં ખોડિયાર મંદિર પાસે આંગણવાડી સામે ઉભેલી એક ઈકો કારમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપાતા સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા સામે અનેક સવાલો ઉભા થયા છે.

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમને મળેલી સચોટ બાતમીના આધારે આખડોલ મિત્રાલ રોડ પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સફેદ રંગની ઈકો કારમાંથી ઉપર રાખેલા નમકીનના ૧૦૦ પડીકાની નીચે છુપાવેલા બીયરના 600 ટીન મળી આવ્યા હતા. વધુમાં, આરોપી મુકેશ પરમારના ઘરેથી પણ વધુ 72 વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

આ સમગ્ર કાર્યવાહીમાં પોલીસે કુલ 72,032ની કિંમતનો દારૂ અને 1 લાખની ઈકો કાર મળીને કુલ 1,72,032નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, દરોડા દરમિયાન મુખ્ય આરોપીઓ ઉમેશ વિઠ્ઠલભાઈ પરમાર અને મુકેશ યશવંતભાઈ પરમાર પોલીસને ચકમો આપી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. સ્થાનિક પોલીસના બાતમીદારોનું નેટવર્ક નિષ્ફળ રહેતા ચર્ચા ઉઠી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સારસાની સત કૈવલ ફાર્મસી કોલેજમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

**આણંદ** | સારસા ખાતે જગદગુરુ અવિચલ દેવાચાર્ય મહારાજની પ્રેરણાથી પર્યાવરણ સુરક્ષા અને જાગૃતિ અર્થે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરમાં ચાલતા પર્યાવરણ અભિયાનથી પ્રેરાઈને 'એક પેડ મા કે નામ' થીમ હેઠળ ફાર્મસીના વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા કેમ્પસમાં વિવિધ ઔષધીય રોપાઓનું વાવેતર કરાયું હતું. એનએસએસ અને સંસ્થાના ડાયરેક્ટર મહેન્દ્ર દુબેના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફે પર્યાવરણ જાળવણી માટે સક્રિય યોગદાન આપ્યું હતું.



### બીવીએમ કોલેજમાં એનસીસી રેન્ક સેરેમની અને આરડીસી કેડેટ્સનો સન્માન સમારોહ યોજાયો

**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત બીવીએમ એન્જિનિયરિંગ કોલેજમાં 38 ગુજરાત બટાલિયન દ્વારા ટ્રેનિંગ વર્ષ 2026-27 માટે એનસીસી રેન્ક સેરેમની અને આરડીસીના વિજેતા કેડેટ્સનો કેશ એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. કમાન્ડિંગ ઓફિસર કર્નલ અખિલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં આલોક યાદવ, શીના પટેલ અને વેદ પટેલ સહિતના તેજસ્વી કેડેટ્સને તેમની શિસ્ત અને નેતૃત્વ ક્ષમતાના આધારે વિવિધ રેન્ક એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે રિપબ્લિક ડે કેમ્પમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખુશી પાંડે, જયવીરસિંહ જાડેજા, દેવ લાધાવાળા અને હર્ષિલ સોનીને મહાનુભાવોના હસ્તે રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયાં હતાં.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખંભાતમાં રૂ. 1.30 કરોડના ખર્ચે નવનિર્મિત 'જેલ રોડ ફીડર'નું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરાયું

**ખંભાત** | ખંભાત શહેરમાં વીજ પુરવઠાની સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્ય ચિરાગભાઈ પટેલના હસ્તે ▯ 1.30 કરોડના નવનિર્મિત 'જેલ રોડ ફીડર'નું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ દ્વારા લાલબાગ, લુણેજ અને એસ.એલ. મીલ ફીડરનો વીજ ભાર ઘટાડીને નવા ફીડર સાથે કુલ 33 ટ્રાન્સફોર્મર જોડવામાં આવ્યા છે. જેના પરિણામે ગાયત્રીનગર, ઈન્દ્રનગર અને જેલ વિસ્તાર સહિતના અનેક વિસ્તારોના રહીશોને હવે અવિરત વીજ પુરવઠો પ્રાપ્ત થશે. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં શહેરમાં તબક્કાવાર અંડરગ્રાઉન્ડ કેબલિંગની યોજના પણ અમલમાં મૂકી સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવશે.



### વાસદની એસવીઆઈસીએ કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

**આણંદ** | વાસદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે વિશેષ ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુણવત્તાસભર શિક્ષણ, શિસ્ત અને ટેક્નોલોજી ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સંસ્થાની શૈક્ષણિક પદ્ધતિ, પ્લેસમેન્ટ સુવિધાઓ, શિષ્યવૃત્તિ યોજનાઓ અને કેમ્પસની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. વિભાગાધ્યક્ષ પ્રો. અમિત પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.



### આણંદના નોલેજ ગ્રુપના જોડિયા બાળકોએ આઈઆઈટીમાં એ-વન ગ્રેડ મેળવ્યો

**આણંદ** | નોલેજ ગ્રુપ-આણંદમાં અભ્યાસ કરતા તમામ જોડિયા બાળકોએ ધોરણ ૧૦ અને ૧૨માં એ-વન ગ્રેડ મેળવવાની અનોખી પરંપરા જાળવી રાખી છે. લાલચંદનાની બહેનો મેઘા અને મિશાએ વિશ્વની અઘરી ગણાતી JEE એડવાન્સ ક્લિયર કરી અનુક્રમે આઈઆઈટી જોધપુર અને આઈઆઈટી ધનબાદમાં પ્રવેશ મેળવ્યો છે. અગાઉ આ સંસ્થાના પવન-પાવન રૂ. ૫૦ લાખથી વધુના વાર્ષિક પેકેજ સાથે MNCમાં જોડાયા છે, જ્યારે જય-જોય હાલ SVNIT સુરતમાં અભ્યાસરત છે. આ અસાધારણ સિદ્ધિ બદલ નોલેજ ગ્રુપ આણંદ આ તેજસ્વી જોડિયા બાળકો પર ગર્વની લાગણી અનુભવે છે.



### આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં વિદ્યાર્થીનીઓ માટે વાલી મીટિંગ યોજાઈ

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળામાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની વિદ્યાર્થીનીઓ તથા તેમના વાલીઓ માટે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા નિરાલીબેન અને શિક્ષકગણે વાલીઓને શાળાની પ્રાથમિક માહિતી, શિસ્તના નિયમો અને બોર્ડની પરીક્ષાના પરિણામો વિશે વિગતવાર જાણકારી આપી હતી. સ્માર્ટ બોર્ડ પર વિડિયો દ્વારા શાળાની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ અને ઉપલબ્ધ આધુનિક સુવિધાઓનો પ્રભાવશાળી પરિચય કરાવવામાં આવ્યો હતો. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.



### સીવીએમ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ માટે રૂ. સાત કરોડની સ્કોલરશિપ સહાય અપાશે

**આણંદ** | સીવીએમ યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ 2025માં વિવિધ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને આર્થિક રાહત આપવા માટે અંદાજે રૂ. 7 કરોડની માતબર રકમની સ્કોલરશિપ પૂરી પાડી છે. આગામી વર્ષ 2026-27 માટે પણ યુનિવર્સિટીએ મેરિટ, રમતગમત, સંરક્ષણ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ સહિત વિવિધ વર્ગો માટે નવી વ્યાપક સ્કોલરશિપ પોલિસી અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ લાયક વિદ્યાર્થીઓને 100 ટકા સુધીની સ્કોલરશિપનો લાભ આપી ઉચ્ચ શિક્ષણના સપના સાકાર કરવામાં મદદ કરવામાં આવશે. આ પારદર્શક પ્રક્રિયાનો મુખ્ય હેતુ તેજસ્વી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવાનો છે.



### નડિયાદની સલુણની વૈદ્યનો કુવો પ્રા.શાળામાં આરોગ્ય જાગૃતિ અને રસીકરણ કાર્યક્રમ યોજાયો



**નડિયાદ** | સલુણની વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળામાં આરોગ્ય વિભાગ દ્વારા પોષણજન્ય એનિમિયા અંગે બાળકોને માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમમાં એનિમિયાના કારણો અને ઉપચાર વિશે જાણકારી આપી બાળકોની શારીરિક તપાસ કરવામાં આવી હતી. સાથે જ બાલવાટિકા અને ધોરણ ૫ ના વિદ્યાર્થીઓને જરૂરી રસીકરણ પણ કરવામાં આવ્યું હતું. આ શાળાના આચાર્ય સંજય વાઘેલાએ આ ઉમદા કાર્ય માટે આરોગ્ય સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

### કપડવંજમાં દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક કીટ અને સ્વરુચિ ભોજન અપાયું



**કપડવંજ** | કપડવંજમાં દિવ્યાંગ બાળકોના ઉત્સાહમાં વધારો કરવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોને તેમના અભ્યાસમાં મદદરૂપ થાય તેવી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સામગ્રીની સાથે બાળકોને તેમની પસંદગીનું ભાવતું સ્વરુચિ ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. આ ઉમદા પ્રવૃત્તિ દ્વારા દિવ્યાંગ બાળકોના શિક્ષણ અને આનંદનો સુમેળ સાધવાનો પ્રયાસ કરાયો હતો.

### કપડવંજ શહેરના બજરંગ જીમ ખાતે ખેડા જિલ્લા પાવર લિફ્ટિંગ સ્પર્ધા યોજાઈ

**કપડવંજ** | કપડવંજના બજરંગ જીમ ખાતે પાવર લિફ્ટિંગ એસોસિએશન દ્વારા ખેડા જિલ્લા કક્ષાની સ્પર્ધા-2026નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ સહિતના મહાનુભાવોની હાજરીમાં દીપ પ્રાગટ્ય અને હનુમાન ચાલીસાના પાઠ સાથે સ્પર્ધાનો ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. આ સ્પર્ધામાં અંદાજે 35 જેટલી મહિલાઓ અને 70 થી વધુ પુરુષ સ્પર્ધકોએ પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું હતું. અંતમાં મહંત વિજયદાસજી મહારાજ અને નાયબ પોલીસ અધિક્ષક વી.એન. સોલંકી જેવા આમંત્રિત મહેમાનોના હસ્તે વિજેતાઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં.



### કપડવંજ તાલુકાની ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં રસીકરણ કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજ તાલુકાની ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં આરોગ્ય વિભાગ અને આંત્રોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હેલ્થ વર્કર ચેતનાબેન પટેલ અને આશાવર્કર તારાબેન દ્વારા બાળકોને જરૂરી રસીઓ આપવામાં આવી હતી. જેમાં બાલવાટિકાના ભૂલકાઓને ડીપીટી અને ધોરણ-૫ ના વિદ્યાર્થીઓને ધનુરની રસી આપી સુરક્ષિત કરાયા હતા. આ શાળાના બાળકોના સ્વાસ્થ્ય માટેના આ સફળ આયોજન બદલ શાળા પરિવારે આરોગ્ય ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

